જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૪/૦૨/૨૦૨૦  શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**                **સમાચાર યાદી નં.૨૯૯/૨૦૨૦**

### ચાંદખેડા પોલીસ સ્ટેશન :

## બીનવારસી બાળકીના વાલી વારસ ગણતરીના કલાકોમાં શોધી કાઢી તેના વાલીને સોંપી પ્રશંસનિય કામગીરી કરતી ચાંદખેડા પોલીસ

માનનીય પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “એલ” ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ ગુમ થયેલ/બીનવારસી બાળકોને શોધી તેના વાલી વારસને સોપવા સુચના આપેલ હોય અને ગઇ તા.૧૧/૦૨/૨૦૨૦ ના રોજ અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક અજાણી છોકરી ઉ.વ.૦૩ આશરાની મળી આવેલ હતી જે બોલી સમજી શકતી ના હોય જેને અત્રેના પો.સ્ટે. સ્ટે.ડા.નં.૩૯/૨૦૨૦ કલાક ૨૦/૪૫ વાગે એન્ટ્રી કરી સદરી બાળકીને મહીપતરામ રૂપરામ આશ્રમ રાયપુર દરવાજા અમદાવાદ શહેર ખાતે મોકલી આપેલ બાદ તેના વાલીવારસને શોધી કાઢવા ઇન્વેસ્ટીગેશન સ્ટાફને સુચના કરતાં તેના વાલીવારસ અંગે ખંત પુર્વક તપાસ કરતાં તેના વાલી વારસ ગણતરીના કલાકમાં શોધી કાઢી બાળકીને તેના માતા-પિતાને સોપી પ્રશંસનીય અને ઉમદા કામગીરી કરવામાં આવેલ છે.

### પ્રશંસનિય કામગીરી કરનાર

(૧) હે.કો. લીયાકતાલી જહાંગીરખાન બ.નં.૯૧૭૮
(૨) પો.કો. રાજુભાઇ માંડણભાઇ બ.નં.૧૦૦૬૩
(૩) લો.ર. કીરીટસિંહ  દોલાજી બ.નં.૧૨૯૨૧

**નારોલ પોલીસ સ્ટેશન :**

## અમદાવાદ શહેરના પુર્વ વિસ્તારોની અવાવરૂ જગ્યામાં કેમિકલ ઝેરી પદાર્થ ઠાલવતા અસામાજીક પ્રવૃત્તિ કરતા ઇસમોની હકિકત આધારે પકડી પાડી કાયદેસર કરતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેરના પુર્વ વિસ્તારોની અવાવરૂ જગ્યામાં કેમિકલ ઝેરી પદાર્થ ઠાલવી હવા પ્રદુષિત્ત કરી માનવજીવનની તંદુરસ્તીને નુકશાન કરતા પદાર્થોને વાહનો દ્વારા ઠાલવી ગુનાહિત પ્રવૃત્તિ કરતા પોલીસની છુપી રીતે કરતા ઇસમોની અત્રે અમો એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન તથા સ્ટાફ સાથે મળેલ ખાનગી બાતમી હકિકત આધારે પીપળજથી કમોડ જતા રોડની પશ્ચિમે નદી બાજુ આવેલ અવાવરૂ જાડીવાળી જગ્યા માં શંકર ભગવાનના મંદીર થી દુર ખુલ્લી જગ્યામાં મદનલાલ માંગીલાલ ભાટ(બારોટ) ઉ.વ.૨૭ રહે, નરોડા ઉપરોકત ટ્રકમાં તથા મુળ ગામ ભવાનીપુરા તા. આસીદ જી. ભીલવાડા રાજસ્થાનનો ટ્રક નંબર જીજે-૧૮-એએક્ષ-૪૭૬૨ માં આશરે ૨૯ ટન જેટલુ ઝેરી કેમિક્લ પદાર્થ નરોડા બાજુથી વોન્ટેડ આરોપી જશુભાઇ (જશવંતસિંહ ચાવડા) ના દ્વારા કોઇ ફેકટરીમાંથી ભરાવી પકડાયેલ તથા વોન્ટેડ આરોપી બાબુલાલ તેમજ જે.સી.બી દ્વારા ટ્રકમાંથી જમીન ઉપર ઠાલવી રહેલ જે.સી.બી ના ચાલક તેમજ અન્ય મળત્તીયાના એકબીજાના મેળાપીપણામાં આર્થિક ફાયદા સારૂ આવુ ગંભીર કૃત્ય આચરતા ટ્રક ચાલકને પકડી ટ્રક તથા જે.સી.બી. મશીન તથા અન્ય મળી કુલ્લે રૂ. ૧૧,૦૨,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી સ્વસ્છ ભારતના થઇ રહેલ અભિયાનના ભાગ રૂપે મનુષ્ય જીવનની તંદુરસ્તી રહે તેના ભાગરૂપે કાયદેસર ની કાર્યવાહી કરી નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ–B ગુ.ર.નં. ૨૦૦૦૯૬/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૨૭૮, ૨૮૪, ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વાર સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે.





# " SHE TEAM " ની કામગીરીની વિગત

**આનંદનગર** પોલીસ સ્ટેશન વિસ્તારમાં શક્તિ બંગ્લોઝ, નિશાંત-૧, યશ ટાવર, સાનિધ્ય બંગ્લોઝ અને અજય પાર્ક ખાતે ફૂટ પેટ્રોલિંગ કર્યુ. **રિવર ફ્રન્ટ ઈસ્ટ** પોલીસ સ્ટેશન ની આજરોજ "SHE TEAM" દ્વારા ચિલ્ડ્રન પાર્ક થી આંબેડકરબ્રિજ સુધી પેટ્રોલીંગ કરવામાં આવ્યુ. **મેઘાણીનગર** પોલીસ સ્ટેશન આજરોજ વેલેન્ટાઈન ડે બંદોબસ્ત સંબંધે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન "SHE TEAM" શારદા સ્કૂલ પાસે આવતા એક રોમિયો પકડી જી.પી.એક્ટ ૧૧૦,૧૧૭ મુજબ કાયદેસર કાર્યવાહી કરેલ છે.



# પાસા હેઠળ અટકાયતની વિગત

## ગુના નિવારણ શાખા :-

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૧૩.૨.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી, શરીર સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમા બાઈક લેવા બાબતે ફરીયાદીની સાથે બોલાચાલી અને ઝઘડો કરી અને બિભત્સગાળો બોલી છરી વડે ફરીયાદીને ઈજા પહોચાડનાર તથા અન્ય કિસ્સામા અગાઉના ઝઘડાની અદાવત રાખી લોકોની સાથે બોલાચાલી અને ઝઘડો કરનાર માથાભરે અને ઝનુની સ્વભાવના ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે ફૈજાન ઉર્ફે બીશ મુખ્તીયારભાઈ અંસારી રહે- જનતા રો હાઉસ એવન નગરની પાસે, ખજુરીની ઝાડની આગળ બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | ફૈજાન ઉર્ફે બીશ મુખ્તીયારભાઈ અંસારી રહે- જનતા રો હાઉસ એવન નગરની પાસે, ખજુરીની ઝાડની આગળ બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ |

- અમદાવાદ શહેરના રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોના ઘરમા પ્રવેશ કરી તીજોરીમાથી સોના ચાંદીના દાગીના તથા રોકડા નાણાની ચોરી કરી લઈ જઈ ચોરી કરી મેળવેલ દાગીના પોતાના કબ્જામા રાખી આર્થીક નાણાકીય લાભ મેળવવાના ઈરાદે જાહેર જનતાને આર્થીક નુકશાન કરી આવી ગુનાહિત અસામાજીક પ્રવૃતિ આચરી જાહેર જનતામા અસલામતીની દહેશત પેદા કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે રાકેશ કુમાર ઉર્ફે કાળુ આત્મારામભાઈ સથવારા રહે-મ.ન.૩૫ મહાવીર સોસાયટી ગુજરાત હાઉસિંગ બોર્ડ નવનિર્માણ સ્કુલની પાછળ રાણીપ અમદાવાદ મુળ રહેવાસી- વિજાપુર સથવારાવાસ તા.વિજાપુર જિ.મહેસાણા વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રાકેશ કુમાર ઉર્ફે કાળુ આત્મારામભાઈ સથવારા રહે-મ.ન.૩૫ મહાવીર સોસાયટી ગુજરાત હાઉસિંગ બોર્ડ નવનિર્માણ સ્કુલની પાછળ રાણીપ અમદાવાદ મુળ રહેવાસી- વિજાપુર સથવારાવાસ તા.વિજાપુર જિ.મહેસાણા |

➢ અમદાવાદ શહેરના નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી ગે.કા. નો વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો પોતાના રહેણાક વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે મંગાવી પોતાના સાગરિતો સાથે મળી પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા ગેરકાયદેસર વગર પાસ પરમીટના ભારતીય બનાવટના વિદેશી દારુની હેરાફેરી કરી વેચાણ કરનાર ઈસમ નામે રાજવીરસિંહ હનુભા ઉર્ફે બટુકભાઈ દરબાર રહેવાસી- મોટી ફળી દરબાર ગઢ જેતલપુર ગામ તા- દ્રસ્કોઈ જી.અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રાજવીરસિંહ હનુભા ઉર્ફે બટુકભાઈ દરબાર રહેવાસી- મોટી ફળી દરબાર ગઢ જેતલપુર ગામ તા- દ્રસ્કોઈ જી.અમદાવાદ |

➢ આ ઉપરાંત શરીરસબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૧ ઇસમ મળી કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી તેઓને વડોદરા જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.